LAKSHYA CAREER ACADEMY Way to success...
F-4, SUMNTRA COMPLEX, RAM MANTRA MANDIR, TALAJA ROAD, BHAVNAGAR. MO:-8128697071

## મિસ વર્લ્ડ 2017

- 18 નવેમ્બર,2017 ના રોજ ચીન ખાતે યોજાયેલી 67મી મિસ વર્લ્ડ સ્પર્ધામાં ભારતની 20 વર્ષની માનુષી છિલ્લરે 'મિસ વર્લ્ડ 2017' નો ખિતાબ જીતી લીધો છે.
- માનુષી છિલ્લરને વર્ષ 2016 ની મિસ વર્લ્ડ સ્ટેફની ડેલ વાલે(પ્યૂર્ટો રિકો)એ મિસ વર્લ્ડનો તાજ પહેરાવ્યો હતો.
- ચીનના સાન્યા ખાતે મિસ વર્લ્ડ–2017 નું આયોજન થયું હતું.જેમાં વિશ્વની 118 સુંદરીઓએ ભાગ લીધો હતો.
- માનુષી છિલ્લરનો જન્મ 14 મે,1997ના રોજ હરિયાણાના સોનિપત ખાતે થયો હતો.
- આ સ્પર્ધામાં બીજો સ્થાને મિસ ઈંગ્લેન્ડ સ્ટેફની હિલ રહી છે.
- માનુષી છિલ્લર મિસ વર્લ્ડ વિજેતા છઠ્ઠી ભારતીય સુંદરી છે.
- વર્ષ 1951 થી દર વર્ષે મિસ વર્લ્ડ સ્પર્ધાનું આયોજન થાય છે.અત્યાર સુધીમાં કુલ છ ભારતીય સુંદરીઓએ આ ખિતાબ જીત્યો છે.
- વિશ્વમાં સૌથી વધુ વખત મિસ વર્લ્ડ સ્પર્ધા જીતનાર દેશનું નામ ભારત અને વેનેઝુએલા છે,આ બંને દેશોએ છ વખત ખિતાબ જીત્યો છે.બીજા નંબરે ઈંગ્લેન્ડ છે તેણે પાંચ વખત આ સ્પર્ધા જીતી છે.
- ઈ.સ.29 જુલાઈ,1951 ના રોજ ઈંગ્લેન્ડમાં એરિક મોલી દ્વારા તેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- તેનું હેડક્વાર્ટર ઈંગ્લેન્ડના લંડન ખાતે આવેલું છે.
- તેનો મોટો 'બ્યુટી વિથ અ પર્પઝ' છે.
- તેની વેબસાઈટનું નામ www.missworld.com છે.
- 1951 માં સૌ પ્રથમ સ્વીડનની કિકી હેકેન્સને આ સ્પર્ધા જીતી હતી.
- મિસ વર્લ્ડ સ્પર્ધા એ વિશ્વની સૌથી જૂની(રનિંગ)સૌંદર્ય સ્પર્ધા છે.

## શ્રીમતી ઈન્દિરા ગાંધી

- 19 નવેમ્બર,2017 ના રોજ શ્રીમતી ઈન્દિરા ગાંધીની 100 મી જન્મ જયંતી નિમીતે દેશભરમાંથી તેમને અંજલિ આપવામાં આવી હતી.
- 19 નવેમ્બર,1917 ના રોજ ઉત્તરપ્રદેશાના અલાહાબાદ ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ભારતના પહેલા અને આજ દિન(19 નવેમ્બર,2017) સુધીના એકમાત્ર મહિલા વડાપ્રધાન છે.
- તેઓ સૌપ્રથમ 1966 માં શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના નિધન બાદ ભારતના વડાપ્રધાન બન્યા હતા.
- જુલાઈ 1969 માં તેમણે 14 બેંકોનું રાષ્ટ્રીયકણ કર્યું.
- 1971 માં પૂર્વ પાકિસ્તાનથી ભારતમાં આવેલા શરણાર્થીઓની સમસ્યાના ઉકેલ માટે પાકિસ્તાન સાથે યુદ્ધ કર્યું અને સ્વતંત્ર બાંગ્લાદેશનો જન્મ થયો.
- અણુબોમ્બ બનાવવા માટે 1967માં નેશનલ ન્યુકિલઅર પ્રોગ્રામ શરૂ કર્યો અને 18 મે,1974 માં 'સ્માઈલિંગ બુદ્ધા (હસતાં બુદ્ધ)'ના સાંકેતિક નામની રાજસ્થાનના રણ વિસ્તારમાં આવેલા પોખરણ ગામ નજીક પ્રથમ વખત સફળ અણુપરીક્ષણ કર્યું.
- 1971 ની ચૂંટણીમાં 'ગરીબી હટાવો'નૂં સૂત્ર આપ્યું.
- શ્રીમતી ઈન્દિરા ગાંધીની ભલામણથી કલમ 352 ની જોગવાઈ અનુસાર તત્કાલીન રાષ્ટ્રપતિ શ્ર ફકરુદીન અલી અહેમદે 26 જુન,1975ના રોજ ભારતમાં'આંતરિક અવ્યવસ્થા'ને લઈને 'કટોકટી'ની સ્થિતિ જાહેર કરી.
- જૂન 1984માં પંજાબના અમૃતસરમાં સુવર્ણ મંદિર માં છૂપાયેલા અને અલગ ખાલિસ્તાનની માગ કરી રહેલા એક જૂથના સફાયા માટે'ઓપરેશન બ્લ્યુ સ્ટાર' હાથ ધર્યુ અને અમૃતસરના સુવર્ણ મંદિર સંકુલમાં લશ્કરી કાર્યવાહી કરી.
- 31 ઓકટોબર,1984 ના રોજ નવી દિલ્હી ખાતે તેમના જ અંગરક્ષકો દ્વારા શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી.
- દિલ્હીમાં રાજઘાટ પાસે આવેલું શ્રીમતી ઈન્દિરી ગાંધીનું સમાધિ સ્થળ'શકિત સ્થળ' તરીકે ઓળખાય છે

LAKSHYA CAREER ACADEMY Way to success...
F-4, SUMNTRA COMPLEX, RAM MANTRA MANDIR, TALAJA ROAD, BHAVNAGAR. MO:-8128697071

- શ્રીમતી ઈન્દિરા ગાંધીનું ઉપનામ 'પ્રિયદર્શિની' છે.

## અંડર–19 એશિયા કપ ક્રિકેટ–2017

- અંડર–19 એશિયા કપ ક્રિકેટની ફાઈનલ મેચમાં પાકિસ્તાનને 185 રને હરાવીને અફઘાનિસ્તાન ચેમ્પિયન બની ગયું છે.
- 10 થી 19 નવેમ્બર,2017 દરમિયાન મલેશીયા ખાતે આ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

## ડોંગફેંગ–41

- ડોંગફેંગ–41 (અથવાDF – 41)એ ચીનની લાંબા અંતરની એવી બેલિસ્ટિક મિસાઈલ છે કે જે વિશ્વના કોઈપણ ખુણામાં નિશાન સાધી શકે છે.
- ચીનની આ મિસાઈલને વર્ષ 2018માં ચીનની સેના પિપલ્સ લિબરેશન આર્મી(PLA)માં સામેલ કરવામાં આવશે.
- તેની ગતિ 10(એટલે કે લગભગ 12,900 કિમી પ્રતિ કલાક અથવા તો અવાજની ગતી કરતા 10 ગણી વધારે) છે.
- ચીનના સરકારી મીડિયા'ગ્લોબલ ટાઈમ્સ' ના જણાવ્યા અનુસાર આ મિસાઈલનું અત્યાર સુધીમાં 8 વાર પરીક્ષણ થઈ ચૂકયું છે.

## ધ ગિવિંગ પ્લેજ અભિયાન

- ગિવિંગ પ્લેજ એ ધનાઢય લોકોને તેમની સંપતિનો ઉપયોગ પરોપકારી કાર્યો માટે કરવા પ્રોત્સાહન આપતું એક અભિયાન છે.
- આ અભિયાન અંતર્ગત વિશ્વના ધનાઢય લોકોને તેમની સંપતિનો ઓછામાંઓછો અડધો ભાગ પરોપકારી કાર્યો માટે દાનમાં આપવામાટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- શ્રી બિલ ગેટ્સ અને શ્રી વોરેન બફેટ દ્વારા જૂન 2010 માં આ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ અભિયાનમાં અત્યાર સુધીમાં વિશ્વના આશરે 171 ધનિકો જોડાઈ ગયા છે.
- તાજેતરમાં 20 નવેમ્બર,2017 ના રોજ ઈન્ફોસિસના ચેરમેન શ્રી નંદન નીલેકણી અને તેમના પત્ની શ્રીમતી રોહીણી નીલેકણી આ અભિયાનમાં જોડાયા છે.આ દંપતિ પાસે આશરે 11.062 કરોડ રૂપિયાની સંપતિ છે.તેમાંથી તેઓ અડધી સંપતિ દાન કરશે.
- ભારતમાં શ્રી નીલેકણી દંપતિ અગાઉ શ્રી અજીમ પ્રેમજી,શ્રીમતી કિરણ મજુમદાર શો અને શ્રી પી.એન.સી.મેનન આ દરખાસ્ત પર હસ્તાક્ષર કરી ચૂકયા છે.

## શ્રી દલવીર ભંડારી

- સંયકત રાષ્ટ્ર ખાતે (ICJ)ઈન્ટરનેશજનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં ભારતના જસ્ટિસ દલવીર ભંડારી બીજી વખત ચૂંટાઈ આવ્યા છે.
- બ્રિટને તેમના ઉમેદવાર સર ક્રિસ્ટોફર ગ્રીનવુડ ની ઉમેદવારી પાછી ખેંચતા જસ્ટિસ દલવીર ભંડારી બીજી વખત ચૂંટાઈ આવ્યા હતા.
- આથી યુનોના 71 વર્ષના ઈતિહાસમાં પહેલીવાર બ્રિટનનો જજ ICJમાં નહી હોય.
- આંતરાષ્ટ્રીય સ્તરે ભારતનો બ્રિટન સામે આ મોટો રાજદ્વારી વિજય છે.
- જસ્ટિસ દલવીર ભંડારીએ પ્રથમ વખત 27 એપ્રિલ,2012 ના રોજ ICJ ના જજ તરીકે શપથ લીધા હતા.
- એ અગાઉ તેઓ(2005 – 2012 દરમિયાન) ભારતની સુપ્રીમ કોર્ટના જજ રહી ચૂકયા છે.

LAKSHYA CAREER ACADEMY Way to success. . .
F-4, SUMNTRA COMPLEX, RAM MANTRA MANDIR, TALAJA ROAD, BHAVNAGAR. MO:-8128697071

- ભારતમાં ઘર વિહોણા લોકો માટે'રેન બસેરા' તથા બાળકો માટે અનિવાર્ય અને મફત શિક્ષણના અધિકારનો અમલ તેમના ચૂકાદાથી થયો હતો.
- અદાલતી માળખાના કમ્પ્યૂટરાઈઝેશન અને તેમાં વીડિયો કોન્ફરન્સિંગ જેવી ટેક્નોલોજી દાખલ કરવામાં જસ્ટિસ ભંડારી નો નોંધપાત્ર ફાળો રહયો છે.
- તેમણે'જયુડિશિયલ રિફોર્મ્સ :રિસેટ ગ્લોબલ ટ્રેન્ડસ' નામનું પુસ્તક પણ લખ્યું છે.
- 1 ઓકટોબર,1947 ના રોજ રાજસ્થાનના જોધપુર ખાતે તેમનો જન્મ થયો હતો.
- ઈન્ટરનેશનલ કોર્ટમાં શ્રી દલવીર ભંડારી એવા એકમાત્ર જજ છે.જેમણે 'કોમન લો'માં મહારથ હાંસલ કરેલી છે.

## ICJ(ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ)

- ICJ એટલે કે 'ઈન્ટરનેશજનલ કોર્ટ ઓફ જસ્ટિસ' એ ' વિશ્વ અદાલત' તરીકે ઓળખાય છે.
- તે સંયુકત રાષ્ટ્રસંઘની પ્રાથમીક ન્યાયિમ શાખા છે.
- નેધરલેન્ડના હેગ નામના શહેરમાં આવેલા શાંત મહેલમાં તેનું હેડકવાર્ટર આવેલું છે.
- સંયકત રાષ્ટ્ર સંઘ દ્વારા 1945 માં તેની સ્થાપના થઈ હતી.
- ICJ માં કુલ 15 જજ હોય છે.
- દર ત્રણ વર્ષે 15 જજમાંથી 5 જજની ચૂંટણી થાય
- તેમનો કાર્યકાળ 9 વર્ષનો હોય છે.

## ગુજરાતમાં પદ્માવતી પર પ્રતિબંધ

- 22 નવેમ્બર,2017 ના રોજ ગુજરાત સરકારે 'પદ્માવતી' ફિલ્મ પર પ્રતિબંધ મૂકી દીધો છે.
- આ સાથે જ 'પદ્માવતી' ફિલ્મ પર પ્રતિબંધ મૂકનાર ગુજરાત–ઉતરપ્રદેશ–મધ્યપ્રદેશ–પંજાબ અને રાજસ્થાન બાદ પાંચમું રાજ્ય બની ગયું છે.
- આ અગાઉ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે'પદ્માવતી' પર પ્રતિબંધ મૂકતા મધ્યપ્રદેશમાં મહિલાઓ માટે નવો'પદ્માવતી એવોર્ડ' શરૂ કરવામાં આવી હતી.

## બ્રહ્મોસ મિસાઈલ

- 22 નવેમ્બર,217 ના રોજ ભારતીય વાયુસેના દ્વારા વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બ્રહ્મોસનું વાયુ સેનાના મુખ્ય યુદ્ધવિમાન સુખોઇ–30MKI પરથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- સુખોઈ–30 વિમાનમાંથી છોડાયેલી બ્રહ્મોસ મિસાઈલે બંગાળના અખાત માં સ્થિત પોતાના લક્ષ્ય પર સચોટ નિશાન તાકયું હતું
- આ સાથે જ ભારત વિશ્વનો એવો પહેલો દેશબની ગયો છે કે જેની પાસે જમીન,પાણી અને હવામાંથી છોડી શકાતી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ હોય.
- ભારતે બ્રહ્મોસ મિસાઈલને જમીન પરથી,પાણીમાં ઊભેલી સ્ટસમરમાંથી અને દરિયાનાં પેટાળમાં સરકતી સબમરસનમાંથી છોડવાની ટેક્નોલોજી આ અગાઉ જ હસ્તગત કરી લીધી છે.
- નવેમ્બર 2006 થી તેને ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી છે.
- બ્રહ્મોસ મિસાઈલનું નામ ભારતીય બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કોવા નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- બ્રહ્મોસ રેમજેટ એન્જિન ધરાવતી ઓછા અંતરની સુપરસોનીક ક્રૂઝ મિસાઈલ છે.
- બ્રહ્મોસ ભારત અને રશિયા દ્વારા વિકસાવવામાં આવેલી ભારતની અત્યાર સુધીની સૌથી આધુનિક મિસાઈલ છે.તેને ભારતને મિસાઈલ ટેક્નોલોજીમાં અગ્રણી દેશ બનાવી દીધો છે.

**LAKSHYA CAREER ACADEMY** *Way to success. . .*
F-4, SUMNTRA COMPLEX, RAM MANTRA MANDIR, TALAJA ROAD, BHAVNAGAR. MO:-8128697071

## ઉમંગ એપ: ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત ભારત સરકારની એક મોટી પહેલ

- 23 નવેમ્બર,2017 ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉમંગ એપ લોન્ચ કરી છે.
- UMANG નું પુરુંનામ 'યુનિફાઈડ મોબાઈલ એપ્લિકેશન ફોર ન્યુ–એજ ગવર્નન્સ' છે.
- આ એપનો ઉદ્દેશ ભારત સરકારની બધી ઓનલાઈન સર્વિસ એકજ મોબાઈલ એપ દ્વારા પૂરી પાડવાનો છે.
- આ એપ દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની 1200 થી વધુ સેવાઓનો ઓનલાઈન લાભ મળી શકશે.
- વર્તમાન સમયે ભારતની કુલ 13 ભાષાઓમાં આ એપ ઉપલબ્ધ છે.
- આ સેવાનોલાભ Android, ios, windows અને USSD deivces દ્વારા લઈ શકાશે.તેને સ્માર્ટફોન, ફિચર ફોન અને કોમ્પ્યુટર્સ દ્વારા એકસેસ કરી શકાશે.
- 23 નવેમ્બર,2017 ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલી સાયબરસ્પેસ અંગેની પાંચમી ગ્લોબલ કોન્ફરન્સમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ એપનું લોન્ચ કરી હતી.
- આ એપનું નિર્માણ Meity(મિનિસ્ટ્રી ઓફ ઈલેકટ્રોનીકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી)અને NeGD(નેશનલ ઈ–ગવર્નન્સ ડિવિઝન )દ્વારા કરવામાં આવ્યું છે.

- 19 નવેમ્બર,ઈન્ટરનેશનલ મેન્સ ડે
- 20 નવેમ્બર, વિશ્વ બાળ અધિકાર દિન
- નાઈજીરિયા ના મુબી શહેરમાં ઉંગુવારા શુવા વિસ્તારમાં આવેલી એક મસ્જિદમાં આતંકી હુમલો.
- ઉતર કોરિયાના મિસાઈલ અને પરમાણુ કાર્યક્રમો બંધ ન થતા અમેરીકાએ ઉતર કોરીયાને આતંકવાદને સમર્થન આપનાર રાષ્ટ્રોની યાદી મુકી દીધુ છે.
- ઝિમ્બાબ્વે ના રાષ્ટ્રપતિ શ્રી રોબર્ટ મુગાબેએ રાજીનામુ આપતા ઉપરાષ્ટ્રપતિ શ્રી એમર્સન મ્નાંગાગવાએ દેશની ધુરા સંભાળી,તેમની પાટીનું નામ ZANU – PF

હમીરભાઈ રાઠોડ

નિલેશ પંડયા

નીકુંજ રમણા

